Title-Code:-GUJGUJ18109
www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com




# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર
Mo- 9016924808
સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 08,(SURAT), DATE-14/08/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૦૮, (સુરત), તા.૧૪/૦૮/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 ઉકાઈ પોલીસના જવાનોની રાષ્ટ્રધ્વજ સાથેની બાઇક રેલી ઉકાઈ ટાઉનમાં ફરી વળી
3 આ રક્ષાબંધનમાં બપોરથી ૮ વાગ્યા સુધીનું મુર્હૂત શ્રેષ્ઠ
4 એલસીબી પોલીસે ઉમરપાડાનાં મોબાઇલ ચોરીનાં ગુનાના આરોપીને ઝડપી જેલ હવાલે કર્યો

## બારડોલી નગર પાલિકાની માલિકીની સરકારી જમીનમાં અનધિકૃત રીતે ગેરકાયદેસર કબજો કરી ભાડું વસુલવાનું કારભારીઓને ભારે પડશે..???

### ભાડુઆતો હતા તેમણે એફિડેવિટ રજૂ કરી બારડોલી પાલિકા તંત્રની પોલ ખોલી નાંખી છે

**બારડોલી-**બારડોલી નગર પાલિકાની માલિકીની સરકારી જમીનમાં અનધિકૃત રીતે ગેરકાયદેસર કબજો કરી ભાડું વસુલવાનું કારભારીઓને ભારે પડશે : ભાડુઆતોએ એફિડેવિટ રજૂ કરી પાલિકા તંત્રની પોલ ખોલી નાંખી, પૂર્વ કારોબારી અધ્યક્ષ રાજેશ પટેલ અને હાલના કોર્પોરેટર નિમેશ શાહ સામે ગંભીર આક્ષેપ, સને ૨૦૧૭ થી આજદિન સુધીમાં રૂ.૧.૧૮ કરોડ ભાડું વસુલ કરીને ગરીબો સાથે છેતરપિંડી કરી હોવાનું ખુલ્યું

બારડોલી નગર પાલિકાની માલિકીની સરકારી જમીનમાં અનધિકૃત રીતે વેરકાયદેસર કબજો કરી ભાડું વસૂલવાનું હવે કારભારીઓને ભારે પડવાનું છે. કેમ કે, સરકારી જગ્યામાં લારી ગડલાવાળા પાસે ભાડું વસુલવા ભાબતે ભાડુઆતોએ એફિડેવિટ રજૂ કર્યું છે. જેમાં પાલિકાના પૂર્વ કારોબારી અધ્યક્ષ અને હાલના કોર્પોરેટર સામે ગંભીર આક્ષેપ કરતા સમગ્ર સુરત જિલ્લાના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જોકે, એફિડેવિટ કરતા જ મોડી સાંજે પાલિકા દ્વારા આ લારીગલ્લાઓને હટાવી - ડિમોલિશન કરવામા આવતા આવનાર દિવસોમાં વિવાદ વકરે તેવી પ્રબળ શકયતાઓ વ્યક્ત

કરવામાં આવી રહી છે. સુરત જિલ્લાની બારડોલી નગર પાલિકાની માલિકીની સરકારી જમીનમાં અનધિકૃત રીતે ગેરકાયદેસર કબજો કરી ભાડું વસુલવામાં આવ્યું હતું. ગેરકાયદે ભાડું વસૂલી સરકારને આર્થિક નુકસાન કરવા ભાભતે સ્થાનિક મહિલા આગેવાન દ્વારા જિલ્લા કલેક્ટર અને સુડા ના ચીફ ઓફિસર ને રજૂઆત કરી જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવાની માંગ ઉઠાવી હતી. તેવામાં હવે જેઓ



લારી ગલ્લાવાળા ગરીબો પાસેથી છેલ્લા ૭ વર્ષમાં શાસકોએ સવા કરોડ વસૂલ્યા ! બારડોલીમાં સરકારી જમીનમાં રૂ.૧.૧૮ કરોડ ભાડું ઉઘરાવાયું!

**બારડોલીમાં શાસકોએ સરકારી જમીનમાં લાખોનું ભાડું ઉઘરાવ્યું, લારી ગલ્લાવાળા ગરીબો પાસેથી છેલ્લા ૭ વર્ષમાં સવા કરોડ વસૂલ્યા : બારડોલી નગર પાલિકાની માલિકીની સરકારી જમીનમાં અનધિકૃત રીતે ગેરકાયદેસર કબજો કરી ભાડું વસુલવાનું કારભારીઓને ભારે પડશે : ભાડુઆતોએ એફિડેવિટ રજૂ કરી પાલિકા તંત્રની પોલ ખોલી નાંખી, પૂર્વ કારોબારી અધ્યક્ષ રાજેશ પટેલ અને હાલના કોર્પોરેટર નિમેશ શાહ સામે ગંભીર આક્ષેપ, ભાડુઆતોએ એફિડેવિટ કરતા જ મોડી સાંજે પાલિકા દ્વારા લારીગલ્લાઓને હટાવી ડિમોલિશન કરી દેવાયું : દોષિતોને સજા કરવાની જગ્યાએ લારી ગલ્લા ને હટાવનાર પાલિકા તંત્ર સામે રોષ, સુરત જિલ્લાના રાજકારણમાં ખળભળાટ, આવનાર દિવસોમાં વિવાદ વકરે તેવી પ્રબળ શકયતા।**

ભાડુઆતો હતા તેમણે એફિડેવિટ રજૂ કરી બારડોલી પાલિકા તંત્રની પોલ ખોલી નાંખી છે. . જેઓ પાસે ભાણું વસુલવામાં આવતું હતું એ ભાડુઆતાએ એફિડેવિટ કરી જણાનું કે, બારડોલીના ધામડોદ રોડ(પેટ્રોલ પંપસામે)ની બ્લોક નં. ૩૫૦/૨ પૈકી ૨ વાળી સરકારી જમીન પોતાની માલિકીની બતાવી હાલના કોર્પોરેટર નિમેશભાઈ ગીમનલાલ શાહ અને બારડોલી નગર પાલિકાના પૂર્વ કારોબારી અધ્યક્ષ રાજેશભાઈ મનુભાઈ પટેલ દ્વારા ખાણી પીણીના લારી વારા પાસે એક ગાળા પેટે માસિક ૭૦૦૦/- થી ૬૦૦૦/- રૂપિયા ભાડું અને એક ગાળા દીઠ ૧૦,૦૦૦/- (દશ હજાર) રૂપિયા ડિપોઝીટ વસૂલ કરવામાં આવેલ હતું. આમ તેમના દ્વારા રાજકીય સત્તાનો દુરુપયોગ કરીને સરકારી જમીન ઉપર સને ૨૦૧૭ ના વર્ષથી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આશરે ૧,૫૦,૦૦,૦૦૦/ - (એક કરોડ પચાસ લાખ) રૂપિયા ભાડું વસૂલ કરીને ખાણી પીણીના લારી વારા ભાડુંઆતોને છેતરવામાં આવેલ છેજેથી આ ખાણી પીણીના લારી વાળા ભાડુઆતોએ સુરત કલેક્ટર તથા ચીફ ઓફિસર, પ્રાદેશિક નગર પાલિકાઓ અને ચીફ ઓફિસર બારડોલી નગર પાલિકાને સોગંદનામું રજૂ કર્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

### અત્યાર સુધીમાં અધધ...સવા કરોડ રૂપિયા ઉઘરાવી લીધા

**વિગતો મુજબ, હાલના કોર્પોરેટર નિમેશભાઈ ગીમનલાલ શાહ અને ભારયેલી નગર પાલિકાના પૂર્વ કારોબારી અધ્યક્ષ રાજેશભાઈ મનુભાઈ પટેલ દર મહિને પોતે તેમજ એમના મેનેજર થકી બારડોલીના ધામડોદ રોડ(પેટ્રોલ પંપ સામે) ની જમીન ઉપરના ૨૦ ગાળાનાં ભાડુઆત પાસે માસિક ભાડું વસુલ કરવા આવતા હતા. અને ભાડું આપ્યાની રસીદ કે કોઈ પણ જાતનું લખાણ આપતા ન હતા. પૂછવામાં આવે તો તેઓ કહેતા કે હમો પર વિશ્વાસ નથી કે ભાડાના લખાલની શું જરૂર છે ? હાલના કોર્પોરેટર નિમેશભાઈ ચીમનલાલ શાહ અને બારડોલી નગર પાલિકાના પૂર્વ કારોબારી અધ્યક્ષ રાજેશભાઈ મનુભાઈ પટેલ દ્વારા સને ૨૦૧૭ના વર્ષ થી એક ગાળાનાં માસિક ૭૦૦૦ થી ૯૦૦૦ રૂપિયા ભાડા લેખે ટોટલ ૨૦ ગાળાના આશરે ૨,૦૦,૦૦૦ રૂપિયા માસિક ભાડું અને એક ગાળ દીઠ ૧૦,૦૦૦ રૂપિયા ડિપોઝીટ વસુલ કરેલ છે. સને ૨૦૧૭ ના વર્ષ થી આજદિન સુધીના સમયગાળા દરમિયાન આશરે ૧,૧૮,૦૦,૦૦૦ રૂપિયા ભાડું વસુલ કરીને ગરીબો સાથે છેતરપિંડી કરી હોવાનું ખુલ્યું છે.**

### દોષિતો સામે પગલાં લેવાની જગ્યાએ લારી ગલ્લા ને હટાવી દેવાતા આક્રોશ'

**ભાડુઆતોએ જણાવ્યું કે, નીતિ નિયમો મુજબ વ્યાજબી ભાવે આ જમીન પર લારી ચલાવવા માટે ભાડે આપવામાં આવે તો અમોને વાંધો નથી. જોકે, તેઓએ એફિડેવિટ રજૂ કરતાં અકળાયેલા બારડોલી પાલિકાના શાસકોએ તમામ લારી ગલ્લાવાળા ને હટાવી દઈ ડિમોલિશન કરી દીધું હતું. જેને કારણે ગરીબ લારી ગલ્લાવાળાઓને છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો. અત્રે નોધનીય છે કે, બારડોલી પાલિકાના ચીફ ઓફિસરે જેઓ દોષિત છે તેઓને સજા કરવાની જગ્યાએ આ રીતે લારી ગલ્લા ને હટાવી દેતા રોષ જોવા મળી રહ્યો છે. આ વિવાદ આવનાર દિવસોમાં વકરે તો નવાઈ નહિ.**

## તાપી જિલ્લોની તમામ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 'હર ઘર તિરંગા ' કાર્યક્રમ અંતર્ગત ચિત્ર-રંગોળી સ્પર્ધાનુ આયોજન કરાયુ



તાપી - દેશના તમામ નાગરીકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને દેશ પ્રત્યે ગર્વની ભાવના જાગે તે હેતુથી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે હર ઘર તિરંગા અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જેના ભાગ રૂપે તાપી જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 'હર ઘર તિરંગા ' કાર્યક્રમ અંતર્ગત ચિત્ર અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, દેશભક્તિ, દેશભાવનાના ગુણો વિકસે તેમજ કલા, કૌશલ્ય અને સમજ વિકસે એ સંદર્ભે 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત ચિત્ર અને રંગોળી સ્પર્ધા યોજવમાં આવી હતી. જેમાં તાપી જિલ્લાની કુલ ૧૫૯ શાળાના મોટાભાગના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## બારડોલીમાં અમી છાંટણા વચ્ચે ૨ કિમીની ભવ્ય તિરંગા યાત્રા

બારડોલી- બારડોલીમા રાષ્ટ્રપ્રેમથી ભાવના જાગૃત થાય તેવા આશયથી હર ઘર તિરંગા ના રાષ્ટ્રવ્યાપી અભિયાનના ભાગરૂપે બારડોલીમાં ધારાસભ્ય ઈશ્વર પરમાર તથા સ્વરાજ આશ્રમના મંત્રી નિરંજના કલાર્થીની આગેવાનીમાં તિરગા યાત્રા યોજાઇ હતી. બારડોલીના સરદાર ચોક મુકામે બીએબીએસ શાળાથી સ્વરાજ આશ્રમ સુધીના ૨ કી.મી. ના રૂટ ઉપર યોજાયેલી રેલીમાં અગ્રણીઓ, નાગરિકો તથા શૈક્ષણિક સંસ્થાઓના હજારોની સંખ્યાથી રાજમાર્ગ ઉભરાયો હતો.

ધારાસભ્યએ સૌને ઘરે તિરંગો લહેરાવવાની અપીલ કરી હતી. આ તિરંગા યાત્રામાં



''વંદે માતરમ'', ''ભારત માતા કી જય''ના નારાઓ સાથે બારડોલી નગર દેશભક્તિના રંગે રંગાયુંહતું. યાત્રામાંપોલીસ જવાનો, અધિકારીઓ, પદાધિકારીઓ, મહાપુરૂષોના પહેરવેશમાં વિદ્યાર્થીઓએ જોડાઈને નગરવાસીઓને દેશભક્તિનો એક અનોખા અંદાજથી પરિચિત કરાવ્યાં હતાં. ૧૫ ઓગસ્ટ પૂર્વે નગરમાં નીકળેલી ભવ્ય તિરંગા યાત્રાએ અનેરુ આકર્ષણ જમાવ્યું હતું.


LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
digit
NJ MUTUAL FUND BUILT ON RULES
care HEALTH INSURANCE
BAJAJ Allianz
શું તમારી હેલ્થ ઈન્શ્યોરેન્સ પોલીસીનું પ્રીમિયમ વધી ગયુ છે ?
તમારા એજન્ટ તરફ થી સર્વિસ નથી મળી રહી ?
ફકત એક ફોન કરો
Door Step Services
મેડીકલેમ કરાવો
➡ વ્યાજબી પ્રીમિયમ
➡ નો કલેમ બોનસ 600% સુધી
[ડાયબિટીસ ઈન્સ્યુલીન, માનસિક રોગ બીપી, હદય રોગ, થાઈરોઈડ, જેવી ગંભીર બીમારિઓ કવર]
➡ દર વર્ષે હેલ્થ ચેકઅપ ફ્રી
➡ કેશલેસ ફેશીલીટી
➡ ઈન્કમ ટેક્ષ માં લાભ
➡ દરેક કંપનીની પોલીસી પોર્ટેબલીટી કરી આપવામાં આવશે.
➡ કન્ટીન્યુ બેનીફીટ સાથે
એજન્ટ બનવા કોલ કરો
NIMESH N. PATEL
Mo. 88663 66683
E-mail :
nimesh.p888@gmail.com
➡ Life Insurance
➡ Health Insurance
➡ Mutual Fund
➡ Motor Insurance
Office : 214, 2nd Floor, Exiito Comercial Hub, Nr Nayara Petrol Pump, Jahagirpura, Surat


નગરજનોને સ્વાતંત્રતા દિવસની ખુબ ખુબ શુભેચ્છા...
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
તંત્રી- હિમાંશુ ઠાકોર

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## એક્સપેરિમેન્ટલ સ્કૂલના સારસ્વતો દ્વારા ગુજરાત રાજય આચાર્ય સંઘના ઉપપ્રમુખ કિશોર જાનીનું સન્માન



**દિપક સિંહ પરમાર દ્વારા, રાનકુવા -** તાજેતરમાં સુરતની સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત એક્સપેરિમેન્ટલ સ્કૂલના પ્રતિભાસંપન્ન પ્રિન્સિપાલશ્રી કિશોરકુમાર નર્મદાશંકર જાનીને ગુજરાત રાજય આચાર્ય સંઘમાં ઉપપ્રમુખ પદે વરણી થવા બદલ શાળાના સુપરવાઇઝરો શ્રી ગુલાબભાઇ પટેલ, શ્રી વ્રજેશભાઇ પટેલ, શ્રી વૈશાલીબેન પટેલ અને તમામ સારસ્વત ભાઈઓ, બહેનો અને કર્મચારીઓ દ્વારા એકસપેરિમેન્ટલ સ્કૂલ, સુરત શહેર અને ગુજરાતભરના શિક્ષણના વિશાળ હિતમાં નીડરપણે બહોળી કામગીરી કરી રહેલા રાજય આચાર્ય સંઘના ઉપપ્રમુખ અને સુરત શહેર આચાર્ય સંઘના પ્રમુખ કિશોરકુમાર જાનીને ખુબ ખુબ હાર્દિક અભિનંદન સહ સાતત્યપૂર્ણ સફળતાઓ હાંસલ કરી સિદ્ધિઓના શિખરો સર કરવા શુભેચ્છાઓ પાઠવેલ છે.

## સોનગઢ નગરપાલિકા દ્વારા તિરંગા યાત્રા કાઢવામાં આવી સાથે બીજી બાજુ યુનિક વિદ્યા ભવન દ્વારા વૃક્ષ વાવો પૃથ્વી બચાવો નો ભવ્ય સંકલ્પ સાથે યાત્રાનું આયોજન હાથ ધરાયું

સોનગઢ નગરપાલિકા દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન હાથ ધરાયું હતું સમગ્ર નગર દેશભક્તિના રંગમાં રંગાયો હતો. જયારે બીજી બાજુસોનગઢ યુનિક વિદ્યા ભવન દ્વારા વૃક્ષ વાવો પૃથ્વી બચાવો સંકલ્પ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં દીપ પ્રાગટ્ય કરી યાત્રાનું પ્રારંભ કરવામાં આવ્યું હતું. તાપી જિલ્લા ભાજપા પ્રમુખશ્રી મયંકભાઇ જોશી તેમની સાથે હેતલભાઈ મહેતા, રાજુભાઈ ભાવસાર, દીપકભાઈ વસાવા, આશિષભાઈ શાહ વગેરે મહાનુભાવો એ દીપ પ્રાગટ્ય કરી યાત્રાને લીલી ઝંડી બતાવી યાત્રાનું પ્રારંભ કરાવ્યું હતું.



આ યાત્રામાં યુનિક વિદ્યા ભવન અને સી-ડેક કમ્પ્યુટર ક્લાસીસ ના ૭૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો, ગામના આગેવાનો હાથમાં વૃક્ષો લઈને જોડાયા હતા અને ઘરે ઘરે જઈને લોકોને વૃક્ષની ભેટ આપી વૃક્ષા જાગૃતિ ફેલાવી હતી. વૃક્ષ ભેટ કરતા યુનિક વિદ્યા ભવનના ભૂલકા ઓએ લોકોને વિનંતી કરી હતી કે આ વૃક્ષને ઉછેરી મોટું કરજો અને તેનું જતન કરજો.

સાથે સોનગઢ નગર અને તાલુકાના લોકો ને આ એક વર્ષ દરમિયાન એક લાખ વૃક્ષો રોપવાનો સંકલ્પ લેવા માટે પણ વિનંતી કરી હતી. આ યાત્રા કાઢવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય જણાવતા યુનિક વિદ્યા ભવનના પ્રમુખ શ્રી ધર્મેશભાઈ જ્ઞાનચંદાની જણાવે છે કે લોકોમાં વૃક્ષો પ્રત્યે જાગૃતિ આવે અને લોકો વધુને વધુ વૃક્ષો રોપે અને તેનું જતન કરી તેને ઉછેરે, આપણી ધરતીને હરિયાળું બનાવે તે માટે આ યાત્રાનું યુનિક વિદ્યા ભવન પરિવાર તરફથી આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા સોનગઢ નગરના મુખ્ય વિસ્તારોમાં ફરી હતી અને લોકોમાં જાગૃતિ ફેલાવવાનું કાર્ય કર્યું હતું.

## ક્લાઈમેટ ચેન્જની ગુજરાતમાં માઠી અસર, વરસાદની પેટર્ન બદલાઈ, ઓછા સમયમાં વધુ મેઘ મહેર થવા લાગી

ગુજરાતમાં મેઘરાજાએ દક્ષિણ ગુજરાતમાં ધબધબાટી બોલાવી છે, તો બીજી તરફ ઉત્તર ગુજરાતમાં હજુ વરસાદની ખેંચ વર્તાઈ રહી છે. ક્લાયમેટ ચેન્જને કારણે ગુજરાતમાં વરસાદની આખી પેટર્ન બદલાઈ છે. રાજયમાં અતિથી અતિભારે વરસાદ પડવાની ઘટનામાં વધારો નોંધાયો છે. ખેડૂતો માટે પણ



માઠા સમાચાર એ છે કે, નિષ્ણાતોનું માનવુ છે કે, જો આ જ પરિસ્થિતી રહી તો, પૂરની ઘટનાઓમાં વધારો થશે તે દિવસો દૂર નથી.

ગ્લોબલ વોર્મિંગને લીધે વરસાદની પેટર્નમાં ફેરફાર થયો છે. આ કારણોસર ગુજરાતમાં પણ વરસાદનું આખુ ચિત્ર બદલાયુ છે. હવે એવું જોવા મળી રહ્યુ છે કે, વરસાદ જયાં પડે ત્યાં એકધારો ખાબકે છે. જયારે અન્ય ઠેકાણે વરસાદનું ટીપુય પડતું નથી. રાજયસભામાં કેન્દ્ર સરકારે રિપોર્ટ રજૂ કર્યો છે.




### સાયબર જાગૃતિ દિવસ કાર્યક્રમ- તાપી-વ્યારા પોલીસ અધિક્ષક રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ

## ડી.એસ.ગોહિલ પો. ઇ. સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ગવર્મેન્ટ પોલીટેકનીક કોલેજ વ્યારાના પ્રિન્સીપાલના સહયોગથી માસના પ્રથમ બુધવાર 'સાયબર જાગૃતિ દિવસ' અનુસંધાને સાયબર ક્રાઇમ અવેરનેશનુ આયોજન





તાપી-વ્યારા- સાયબર જાગૃતિ દિવસ કાર્યક્રમ- તાપી-વ્યારા પોલીસ અધિક્ષક રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ ડી.એસ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની સુચના મુજબ ગવર્મેન્ટ પોલીટેકનીક કોલેજ વ્યારાના પ્રિન્સીપાલ શ્રી એ.આર.ગામીત સાહેબના સહયોગથી માસના પ્રથમ બુધવાર 'સાયબર જાગૃતિ દિવસ' અનુસંધાને સાયબર ક્રાઇમ અવેરનેશનુ આયોજન કરવામાં આવેલ. જેમા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના

પો.સ.ઇ આઇ.ડી. દેસાઇ તથા હે. કો હરપાલસિંહ ઝાલા તથા વુ.પો.કો નિલાબેન ગામીત હાજર રહેલ અને કોલેજના ૧૧૭

થી વધુ વિદ્યાર્થીઓએ આ સેમીનારમાં ઉત્સાહ પુર્વક ભાગ લીધેલ અને આ સેમીનારમાં પો.સ.ઇ આઇ.ડી.દેસાઇ નાઓએ સાયબર ક્રાઇમને લગતા બનાવો અંગેની વિદ્યાર્થીઓને રૂપરેખા આપેલ અને હાલમાં બનતા સાયબર બુલીગ, સોશિયલ મિડિયા સંબંધિત ફ્રોડ, ફાનાન્સીયલ ફ્રોડ, જોબ ફ્રોડ, હેકિંગ, ડેટા થેફ્ટ, ફિશીંગ, ઇ-મેઇલ સ્પુફિંગ વિગેરે બાબતે બનતા ગુનાઓ તેમજ તેનાથી કઇ રીતે સાવચેત રહેવુ. ભોગ બન્યા હોય તો તાત્કાલીક ધોરણે કેવા કેવા પ્રકારના પગલા લેવા તે અંગેની સંપુર્ણ માહિતી વિદ્યાર્થીઓને આપેલ. આ સાયબર ક્રાઇમના બનતા બનાવો અટકાવવા તેમજ તે અંગે સામાન્ય લોકોમાં જાગૃતિ આવે તે માટે કોલેજના વિદ્યાર્થીઓને સાયબર વોલન્ટીયર બનાવ આહવાન કરી પ્રોગ્રામની પુર્ણાહુતિ કરેલ અને લોકોમાં ૧૯૩૦ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન બાબતે અવેરનેશ આવે તે માટે પેમ્પ્લેટ વિતરણ કરેલ.

આ સેમીનારમાં સહયોગ આપવા બદલ હાજર રહેલ, શ્રી ગવર્મેન્ટ પોલીટેકનીક કોલેજ વ્યારાના પ્રિન્સીપાલ, અધ્યાપકોનો તેમજ પોલીટેકનીક કોલેજ દ્વારા સાયબર જાગૃતિ દિવસના કાર્યક્રમને હાજર રહી સફળ બનાવવા બદલ તાપી-જીલ્લા પોલીસ જાહેર આભાર વ્યકત કરે છે.

### આપણો તિરંગો, આપણું ગૌરવ નવસારી જિલ્લો

## ચીખલી તાલુકાના રૂમલા ગામે તિરંગા યાત્રા કાર્યક્રમ ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ ની ઉપસ્થિતિમા યોજાયો




નવસારી: હર ઘર તિરંગા અભિયાન હેઠળ ભારત સરકાર દ્વારા તમામ નાગરીકોને પોતાના ઘર ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત ગણદેવી વિધાનસભાના ધારાસભ્ય શ્રી નરેશભાઇ પટેલ, જિલ્લા પંચાયત ના સભ્ય શ્રી બાલુભાઈ પાડવી, સંચાલક મંડળના સભ્યો, અને શાળાના આચાર્યશ્રી કિરીટભાઈ અને તમામ સ્ટાફ અને ગ.જ. જ.સ્વયંસેવકો સાથે તિરંગા યાત્રા ચીખલી તાલુકા ની રૂમલા શાળા થી ગ્રામ પંચાયત સુધી લઇ જવામાં આવી હતી. આ તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, ગ્રામજનો જોડાયા હતીં.

## માંડવી તાલુકાના ૧૫ થી વધુ ગામોનો બારડોલી સાથેનો સંપર્ક કપાયો



કડોદ- ઉકાઇ ડેમમાંથી પાણી છોડવામાં આવતા બારડોલીના હરિપુરા ગામે આવેલ કોઝવે પાણીમાં ગરકાવ થઈ જતાં ૧૫ થી વધુ ગામોનો કડોદ અને બારડોલી સાથેનો સીધો સંપર્ક કપાયો છે. ઉકાઈ ડેમમાં પાણીની સતત વધી રહેલી આવકને કારણે રૂલ લેવલ જાળવવા ઉકાઈ ડેમમાંથી ૬૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ઉપરાંત સવારથી જ માંડવી અને બારડોલી તાલુકામાં વરસાદ પડતાં તાપી નદીની જળ સપાટીમાં વધારો થઈ રહ્યો છે. જેને કારણે બારડોલી તાલુકાનાં હરીપુરાથી કોસાડી વચ્ચેના કોઝવે પર પાણી ફરી વળવાથી માંડવી તાલુકાનાં ૧૫ જેટલા ગામોનો બારડોલી અને કડોદ સાથેનો સીધો સંપર્ક કપાય ગયો છે. તેમણે ૨૫ થી ૩૦ કિમી સુધીનો ચકરાવો લગાવવો પડે છે. બીજી તરફ કોઝવેની બંને તરફ પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જેથી કોઈ અનિચ્છનિય ઘટના ન બને. ખાસ કરીને વિદ્યાર્થી વર્ગ અને નોકરિયાત વર્ગ તેમજ આરોગ્યને લાગતી ઈમરજન્સી સેવાઓને માઠી અસર થાય છે.

## સુરત જિલ્લા પોલીસ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ગુનો શોધવાની ઉત્કૃષ્ટ કામગીરી બદલ 'ઈ-કોપ એવોર્ડ'થી સન્માનિત

**સુરત જિલ્લાના અલગ અલગ પો.સ્ટે.ના ઘરફોડ ચોરી અને મોબાઇલ ટાવરના ૬૧ જસ્રડ કાર્ડ નામના પાર્ટની ચોરીના ૦૨ ગુના શોધી કાઢી ૦૪ આરોપીની ધરપકડ કરી કુલ રૂપિયા ૧,૧૮,૨૫,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યા**

સુરત ગ્રામ્ય એલ.સી.બી. શાખા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી વિકાસ સહાય દ્વારા સુરત ખ૦.ખ/ એલ.સી.બી. શાખા પો.ઇ. શ્રી આર.બી.ભટોળ, એ.એસ.આઇ. શ્રી મુકેશભાઇ જયદેવભાઇ અને પો.કો. અક્ષયભાઇ શંકરભાઇના ઓએ કોલ ડિટેઈલ અને CDR એનાલિસીસનો ઉપયોગ કરી સુરત જિલ્લાના અલગ અલગ પો. સ્ટે. ના ઘરફોડ ચોરી અને મોબાઇલ ટાવરના ૬૧ SFP કાર્ડ નામના પાર્ટની ચોરીના ૦૨ ગુના શોધી કાઢી ૦૪ આરોપીની ધરપકડ કરી કુલ રૂપિયા ૧,૧૮,૨૫,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો હતો. આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ગુનો શોધવાની ઉત્કૃષ્ટ કામગીરી બદલ 'ઈ-કોપ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા છે.



**સુરત ગ્રામ્ય એલ.સી.બી. શાખા પો.ઇ. શ્રી આર.બી.ભટોળ, એ.એસ.આઇ. શ્રી મુકેશભાઇ જયદેવભાઇ અને પો.કો. અક્ષયભાઇ શંકરભાઇ 'ઈ-કોપ-એવોર્ડ' થી સન્માનિત કરાયા**

**સુરત ગ્રામ્ય એલ.સી.બી. શાખા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી વિકાસ સહાય દ્વારા એવોર્ડ આપવામાં આવ્યો**

**સુરત પોલીસ ને ઇ-કોપ ઓફ ધ મંથ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. આ પ્રકારના ખિતાબ મુખ્યત્વે પોલીસ અધિકારી કે કર્મચારીની કામગીરી અને ગુનાઓને ડિટેક્ટ કરવાની કામગીરીને આધારે આપવામાં આવે છે.**

## ગિરિમથક સાપુતારા તિરંગામય બન્યું:કલેક્ટરની આગેવાની હેઠળ મોડી સાંજે તિરંગા યાત્રા યોજાઈ

ડાંગ (આહવા)- ગિરિમથક સાપુતારા ખાતે તિરંગા યાત્રાએ મુખ્ય માર્ગો ઉપર ફરી લોકચેતના જગાવી, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રભાવનાની જયોત ઘર ઘરમાં જગાવવા માટે રહર ઘર તિરંગા અભિયાનમાં દેશવાસીઓને જોડાવા આહ્વાન કર્યુ છે. જેને અનુસરીને સમગ્ર દેશ તિરંગાના રંગમાં રંગાઈને એકતાના સૂત્રમાં પરોવાઈ



ગયો છે. તિરંગાના રંગે રંગાયેલા રાષ્ટ્ર સમસ્તની જેમ, રાજયના છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં પણ ચારે તરફ તિરંગો લહેરાઈ રહ્યો છે.

ગિરિમથક સાપુતારા ખાતે જિલ્લા કલેક્ટર બી. બી. ચૌધરીના આગેવાની

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### કામરેજનું ઐતિહાસિક ગલતેશ્વર મહાદેવ મંદિર:

દક્ષિણ ગુજરાતના પ્રસિદ્ધ પૌરાણિક શિવાલયના દર્શન કરવા ઉમટે છે શિવભક્તોનું ધોડાપૂર, ૬૧ ફૂટ ઊંચી શિવજીની પ્રતિમા આકર્ષણનું કેન્દ્ર

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના પૂર્વ વિસ્તારમાં ટીબા ગામે આવેલું છે વર્ષો જુનું ગલતેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર, મંદિરના પરિસરમાં ૬૧ ફૂટ ઊંચી શિવજીની પ્રતિમા ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. વિશાળ શિવજીની પ્રતિમાં અંદર ૧૨ જયોતીલીંગના ભક્તો દર્શન કરે છે. શ્રાવણના પવિત્ર માસમાં શિવ ભક્તો ભારતના ૧૨ જયોતીલીંગના દર્શન કર્યા હોવાની અનુભૂતિ આ મંદિરે આવી કરે છે. ગલતેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસમાં ભક્તોની ભારે ભીડ જામે છે.

**ટીબા ગામે આવેલું છે વર્ષો જૂનું શિવ મંદિર**

શ્રાવણ માસની શરૂઆત થતાની સાથે જ શિવ મંદિરો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠતા હોઈ છે. ત્યારે શ્રાવણ માસના પાવન પર્વે આજે અમે તમને દર્શન કરાવીશું વર્ષો જૂના પૌરાણિક શિવાલયના... જી હા સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ટીબા ગામે આવેલું છે વર્ષો જૂનું શિવ મંદિર. આ મંદિર ગલતેશ્વર ધામ તરીકે પ્રચલિત છે આ મંદિર પર ભક્તો ભરપૂર આસ્થા ધરાવે છે જેને લઈ આ મંદિરે દૂર દૂરથી શ્રદ્ધાળુઓ દર્શન અર્થે આવે છે. મંદિર ભક્તોથી ઉભરાયેલું જ રહે છે, શ્રાવણ માસના સોમવારે આ ગલતેશ્વર મંદિર ખાતે ભક્તોનું ધોડાપુર ઉમટે છે અને મંદિર ભક્તોના હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠે છે. કામરેજના ટીબા ગામે બિરાજમાન ગલતેશ્વર મહાદેવ મંદિરનો શું છે ઇતિહાસ?? આવો જાણીએ...

**પૌરાણિક ગલતેશ્વર મંદિરમાં સ્વયંભુ શિવલિંગ પ્રગટ થયું**

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ટીબા ગામની સીમમાં અતિ પ્રાચીન ગલતેશ્વર મહાદેવ મંદિર આવેલું છે, વર્ષો જૂનું પૌરાણિક ગલતેશ્વર મંદિરમાં સ્વયંભુ શિવલિંગ પ્રગટ થયું છે. શ્રાવણના પવિત્ર માસે અને દર સોમવારે અહીં ભક્તોનું ધોડાપુર ઉમટે છે અને ભગવાન શિવની આરાધનાથી ભક્તો શિવમય બની ધન્યતા અનુભવે છે. કામરેજ તાલુકાના ટીબા ગમે આવેલા ગલતેશ્વર મહાદેવનો ઈતિહાસ એવો છે કે ભગીરથ રાજાએ પોતાના પૂર્વજોના ઉદ્ધાર માટે ગંગાજીને પ્રસ્સન કર્યા હતા અને પૃથ્વી પર પધારવા પ્રાથના કરી હતી, પરંતુ સૂર્ય પુત્રી તાપી માતાનો પ્રભાવ જોઈ ગંગાજીએ પૃથ્વી પર પધારવાની ના પાડી. ત્યારે શંકર ભગવાને નારદજીને તાપી માતાનું માહાત્મીય (પવિત્રતા) હરિ લાવવા માટે પૃથ્વી પર મોકલ્યા. નારદજીએ પૃથ્વી પર આવી તપ અને પ્રાથના કરી તાપી માતાને પ્રસન્ન કર્યા.

## ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર

૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058




સંપર્ક—મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ—૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ—૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## ડોલવણ ખાતે વિશ્વ આદિવાસી દિવસની દબદબાભેર ઉજવણી કરાઈ

## ભારતનો ભૂતકાળ હોય કે વર્તમાન, આદિવાસી સમાજ સિવાય ક્યારેય પૂર્ણ ના થઈ શકે. આદિવાસી સમાજે સંસ્કૃતિને ધબકતી રાખી છે. આદિવાસી સમાજનો ગૌરવપૂર્ણ ઈતિહાસ છે -ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી

**તાપી -** તાપી જિલ્લામાં વિશ્વ આદિવાસી દિવસની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી ડોલવણ (સરકારી ગ્રાઉન્ડ) ખાતે આજરોજ ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને ધારાસભ્યશ્રી મોહનભાઈ કોકણી, કલેક્ટરશ્રી ડો.વિપિન ગર્ગ, નાયબ વન સંરક્ષક શ્રી પુનિત નૈયર, જિલ્લા પોલીસ વડાશ્રી રાહુલ પટેલ, આદિજાતિ વિભાગના ઉપ સચિવશ્રી જયદેવસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.



વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે ખેડબ્રહ્મા ખાતેથી રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે અંદાજીત એક હજાર કરોડના કામોનું લોકાર્પણ, ખાતમુહુર્તનું ઈ-લોકાર્પણ કરાયું હતું. તાપી જિલ્લામાં પ્રાયોજના કચેરી દ્વારા પંચાયત, આદિજાતી અને પ્રાથમિક શિક્ષણ વિભાગની વિવિધ યોજનાના કુલ રૂપિયા ૮.૮૭ કરોડના કુલ-૧૧૬ કામોનું લોકાર્પણ તેમજ રૂપિયા ૧૪.૧૩ કરોડના કુલ-૧૩૫ કામોનું ખાતમુહુર્ત અને વ્યક્તિલક્ષી કામો રૂા.૩ કરોડના ૪૨૯ કામો નું આયોજન કરવામાં આવ્યું હતું. બધા મળીને પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા તાપી જિલ્લામાં કુલ ૨૬ કરોડના ૬૮૦ જેટલા વિવિધ કામોનું લોકાર્પણ, ખાતમુહુર્ત અને વ્યક્તિગત યોજનાના લાભાર્થીઓને લાભો અર્પણ કરાયા હતા.

ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ તમામ આદિવાસી ભાઈઓ-બહેનોને સંબોધતા જણાવ્યું હતું કે ભારતનો ભૂતકાળ હોય કે વર્તમાન, આદિવાસી સમાજ સિવાય ક્યારેય પૂર્ણ ના થઈ શકે. દાતા થી લઈ ડાંગ સુધી આદિવાસી સમાજે સંસ્કૃતિને ધબકતી રાખી છે. આદિવાસી સમાજનો ગૌરવપૂર્ણ ઈતિહાસ છે. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજની સાથે રહીને પરિવારનો વિકાસ થાય એ વિઝન રાખીને યોજનાઓ બનાવી છે. આજે ગુજરાતના ખૂણે ખૂણે યોજનાઓ પહોચી છે. આયુષમાન યોજના થકી આરોગ્યની સારવાર મફતમાં થઈ જાય. જેની ચિંતા મુખ્યમંત્રીશ્રીએ કરી છે. છેવાડાના ગામોમાં નેટવર્કની સમસ્યા આવે છે. જેના માટે ટૂંક સમયમાં નાગરિકોને કેન્દ્રમાં રાખીને ટાવર લોન્ચીંગ થનાર છે.

ધારાસભ્યશ્રી મોહનભાઈ કોકણીએ સૌ આદિવાસી ભાઈઓ-બહેનોને વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે ભગવાન બિરસા મુંડા, આદિવાસી સમાજે આઝાદીમાં યોગદાન આપ્યું છે. તે વખતના ઘણાં બધા નાયકોએ પોતાના બલિદાન આપ્યા છે. વેગડા ભીલે શહીદી વહોરી હતી, પૂંજા ભીલ જેવા અનેક નાયકોએ માનગઢમાં અંગ્રેજો સામેની લડાઈમાં ૧૫૦૦ નાયકોએ શહીદી વહોરી હતી. આજે ડોલવણના કોટલાભાઈ મહેતાભાઈ ચૌધરીને યાદ કરવા પડે સમગ્ર ભારતદેશમાં ગણોતધારા અંગે આંદોલન છેડ્યું અને વડોદરા કૂચ કરી ગાયકવાડ રાજ દરમિયાન તેમણે યુવાનોને સાચી દિશા આપી અને આદિવાસી સમાજ માટે મોટુ કામ કર્યુ.

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં શાળા, કોલેજ ના વિદ્યાર્થીઓ અને વિવિધ આદિવાસી સમાજના લોકોએ પારંપારિક નૃત્યો રજુ કર્યા હતા. આદિવાસી સમાજના વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ, કલાકારો અને રમતવીરોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. રાજયકક્ષાના કાર્યક્રમોનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યુ હતું. જિલ્લા કક્ષાએ લાભાર્થીઓના લાભો એનાયત કરાયા હતા.

## ડાંગ જિલ્લામાં 'એક પેડ, માં કે નામ' અભિયાનને વેગવાન બનાવતા વન અને પર્યાવરણ મંત્રી મુકેશભાઇ પટેલ

## મંત્રી મુકેશભાઇ પટેલે શિવારીમાળ પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કરી પર્યાવરણ બચાવવા અપીલ કરી

### વઘઇ થી સાપુતારા રોડ સાઇડમાં એક હજાર વૃક્ષોનું વાવેતર કરાયું

**ડાંગ, આહવા-** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા 'એક પેડ, માં કે નામ' અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અત્યાર સુધીમાં સવા સાત કરોડ વૃક્ષો વાવીને, ગુજરાત રાજય સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. ત્યારે, ગુજરાતના તમામે તમામ જિલ્લાઓમાં આ અભિયાન અંતર્ગત ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે. ડાંગ જિલ્લામાં 'એક પેડ, માં કે નામ' અભિયાન અંતર્ગત અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ પ્રાથમિક-માધ્યમિક આશ્રમ શાળા, શિવારીમાળ ખાતે વન



અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ, જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગના રાજય મંત્રી શ્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વઘઇ થી સાપુતારા રોડ સાઇડમાં એક હજાર વૃક્ષોનું વાવેતર કરાયું હતું.

મંત્રીશ્રીએ, વન મહોત્સવ એટલે પ્રકૃતિનું સંરક્ષણ કરીને આગામી પેઢીઓને હરિત, આરોગ્યપૂર્ણ, અને શક્તિશાળી ભવિષ્ય આપવા માટેની ચળવળ. વન મહોત્સવની ઉજવણી માત્ર વૃક્ષારોપણ નથી, પરંતુ કુદરત પ્રત્યેના આદર અને પ્રેમનું પ્રતિક છે એમ સમજાવી, પ્રકૃતિ સંરક્ષણ પ્રત્યે સૌને જાગૃત કર્યા હતા. મંત્રીશ્રીએ આવનારા દિવસોમાં જન જનના સહયોગથી આ અભિયાનને જન આંદોલન બનાવવા, ડાંગ જિલ્લામાં પણ મહત્તમ વૃક્ષારોપણ થાય તે જરૂરી છે એમ આહવાન કર્યું હતું. આ સાથે જ મંત્રીશ્રીએ વૃક્ષરથને લીલી ઝંડી આપી હતી. તેમજ વૃક્ષરથ પરથી એક વૃક્ષ લઇ જઇ, માં ના નામે પોતાનાં ખેતરનાં કિનારે કે ઘર નજીક વૃક્ષ વાવી ધરતી માતાને હરિત ચુંદડી ઓઢાઢવાનું પણ આહવાન કર્યું હતું.

આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઇન, પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી શ્રી સુભાષભાઈ ગાઇન, ભાજપા પ્રમુખ શ્રી કિશોરભાઈ ગાવિત, દક્ષિણ નાયબ વન સંરક્ષક શ્રી રવિ પ્રસાદ, મદદનીશ વન સંરક્ષકો સર્વશ્રી સુરેશ મીણા અને આરતી ભાભોર સહિત પરિક્ષેત્ર વન અધિકારીઓ, વનકર્મીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## આ રક્ષાબંધનમાં બપોરથી ૮ વાગ્યા સુધીનું મુર્હૂત શ્રેષ્ઠ

બારડોલી-શ્રવણ નક્ષત્ર, પૂર્ણિમા અને સોમવારનો સંયોગ- રક્ષાબંધનનો તહેવાર ૧૯ ઓગસ્ટ, સોમવાર શ્રાવણ પૂર્ણિમાના રોજ ઉજવવામાં આવશે. આ વખતે ભદ્રાનો પડછાયો રહેશે પરંતુ બપોરે ૧:૩૧ વાગ્યા સુધી. ત્યારબાદ આખો દિવસ રાખડી બાંધી શકાય છે. જયોતિષીઓનું માનવું છે કે ભદ્રાનો વાસ પાતલ લોકમાં હોવાથી તે અશુભ નથી. આ દિવસથી પંચકની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. ૧૯ ઓગસ્ટની સવારે શ્રવણ નક્ષત્ર પછી ધનિષ્ઠા નક્ષત્ર આવવાના કારણે તે રાજ પંચક રહેશે અને તેને



અશુભ માનવામાં આવતું નથી. ભદ્રા કાળમાં ઉપકર્મ કરી શકાય છે. આના પર કોઈ પ્રતિબંધ નથી. આ દિવસે ઋગ્વેદી, યજુર્વેદી બ્રાહ્મણો ઉપાશ્રમ કરશે. ભદ્રા બપોરે ૧ વાગ્યા સુધી રહેશે. આ દિવસે શ્રવણ નક્ષત્ર, પૂર્ણિમા અને સોમવારના કારણે સર્વાર્થ સિદ્ધિ યોગ પણ બની રહ્યો છે. ઉપરાંત વ્રતની પૂર્ણિમા પણ આ દિવસે રહેશે. જેનાથી પરાક્રમી રાજા દાનવેન્દ્ર બંધાયેલા છે. હું તને બાંધું છું કે હું તારી રક્ષા કરીશ, ખસશો નહીં ખસશો નહીં) રક્ષા બંધન મુહૂર્ત: બપોરે ૨:૦૬ થી ૮:૦૯ સુધી શ્રેષ્ઠ રહેશે. યજ્ઞાચાર્ય હિરેનભાઈ જાનીના જણાવ્યા અનુસાર રક્ષાબંધનના દિવસે શ્રવણ નક્ષત્ર, પૂર્ણિમા અને સોમવાર આવવાના કારણે સર્વાર્થ સિદ્ધિ યોગ પણ બની રહ્યો છે. ઉપરાંત વ્રતની પૂર્ણિમાના દિવસે પણ આ દિવસનું મહત્વ વધી જશે. ભદ્રા કાળમાં રહેવાથી શોભન યોગ પ્રભાવશાળી રહેશે નહીં આ દિવસે સર્વાર્થ સિદ્ધિ યોગ અને રવિ યોગ પણ રહેશે. આ યોગ જો ભદ્રા કાળમાં થાય તો તે વધુ અસરકારક રહેશે નહીં. સર્વાર્થ સિદ્ધિ સવારે ૫:૫૩ થી ૮:૧૦ સુધી રહેશે. રવિ યોગ સવારે ૫:૫૩ થી ૮:૧૦ સુધી રહેશે. પંચાંગ તિથિ, વાર, યોગ, કરણ અને નક્ષત્રને જોડીને બનાવવામાં આવે છે. વિષ્ટિકરણ પોતે જ ભદ્રા કહેવાય છે. તેમને શનિદેવની બહેન પણ કહેવામાં આવે છે. તેથી, જો રક્ષાબંધન અને હોલિકા દહન ભદ્રામાં થાય છે, તો તે પ્રતિબંધિત માનવામાં આવે છે. આ દિવસે, બ્રાહ્મણો દસ દિવસ સ્નાન કરશે, નવી યજ્ઞોપવિતા ધારણ કરશે અને શ્રાવણી વિધિ કરશે જેથી સમગ્ર વર્ષ દરમિયાન કરેલા પાપોનું પ્રાયશ્ચિત કરવામાં આવે. આ દિવસે માત્ર બહેનો જ નહીં પરંતુ ગુરુ અને શિષ્યો પણ પરસ્પર રક્ષાની ભાવના સાથે રક્ષા સૂત્ર બાંધે છે.

Date-14/08/2024 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# કામરેજ પ્રાથમિક શાળાનું રૂ. ૩.૭૦ કરોડના ખર્ચે લોકાર્પણ

## આંબોલી- જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત કામરેજ ગામ ખાતે નવ નિર્મિત અધતન સુવિધા સજ્જ પ્રાથમિક શાળાનું રાજય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શિક્ષણ ક્ષેત્રે ગુજરાતમાં શરૂ થયેલ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, ગુણોત્સવ અને વિદ્યા સમીક્ષા કેન્દ્ર સહિતની પહેલ આજે દેશભરમાં પ્રેરક-અનુકરણીય બની છે.રાજય સરકારના માર્ગદર્શન હેઠળ સ્કૂલ ઓફ મિશન અંતર્ગત કામરેજમાં દર મહિને એક નવી શાળાનું લોકાર્પણ થઈ રહ્યું છે એમ જણાવી મંત્રીએ કહ્યું કે મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સના માધ્યમથી બાળકો આધુનિક-ડિજીટલ શિક્ષણ મેળવી રહ્યા છે. ગુજરાતમાં બે લાખથી વધુ બાળકોએ ખાનગી શાળા છોડીને સરકારી શાળામાં પ્રવેશ લીધો છે. નવી શિક્ષણ નીતિ અંતર્ગત રાજયમાં બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે બેસ્ટ શિક્ષણ મળશે.વેલંજા અને ખોલવડ ગામે સ્માર્ટ ક્લાસરૂમ અને કોમ્પ્યુટર લેબ અત્યાધુનિક સુવિધાઓ સાથેની શાળા મંજુર થઈ છે. ત્યારે રાજય સરકાર દ્વારા ટૂંક સમયમાં કામરેજ તાલુકામાં ૧૮ હજાર વારમાં સાયન્સ કોલેજનું અવનર સમયમાં ભૂમિપૂજન કરવામાં આવશે. સમાજમાં શિક્ષણનું સ્તર ઉંચુ આવે અને ડ્રોપ આઉટ રેશિયો ઘટે તે માટે સરકાર પણ શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, નવા વર્ગખંડો, નવી શાળાઓ સહિતના અનેકવિધ પગલાંઓ લઈ રહી છે, ત્યારે આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે ગ્રામજનો પણ સરકારના શિક્ષા અભિયાનમાં સહભાગી થઈ બાળકોને શિક્ષિત અને દીક્ષિત બનાવે તે પણ અંત્યંત જરૂરી છે.

લોકાર્પણ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જયેશભાઈ પટેલ, પ્રાંત અધિકારી અને ડે.કલેક્ટર વી.કે.પીપળીયા, અગ્રણી ભારતીબેન રાઠોડ, ડીવાયએસપી આર.આર સરવૈયા, કામરેજ ગામના સરપંચ કિંજલબેન શાહ, જિ. આચાર્ય સંગઠનના હોદ્દેદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ, કોર્પોરેટરો અને સ્થાનિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત જિલ્લાના કોબા ગામના નિત્યા પટેલે યોગામાં સ્ટેટ લેવલે કોબા ગામનું નામ રોશન કર્યું




ગુજરાત સ્ટેટ યોગાસન કોમ્પિટિશન ૨૦૨૪-૨૫ માં સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કોબા ગામના વતની મુકુંદભાઈ પરસોતમભાઈ પટેલ ની દીકરી નિત્યા પટેલ. જેમણે સમગ્ર ગુજરાત યોગાસન ચેમ્પિયનશિપમાં દ્વિતીય ક્રમ મેળવી સુરત જિલ્લાનું, અને તાલુકા નું નામ રોશન કરી, અને કોબા ગામનું નામ રોશન કરી સમગ્ર ગુજરાતમાં બીજો નંબર પ્રાપ્ત કર્યો છે. યોગ શરીર માટે ખૂબ જ ઉપયોગી એક્ટિવિટી છે. યોગ દ્વારા દરેક વ્યક્તિના જીવનમાં સ્વાસ્થ્ય પ્રત્યે, સ્વસ્થ શરીર રહે એ માટે ખૂબ જ પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે કોબા ગામના વતની નિત્યા પટેલ જેમણે ગુજરાત સ્ટેટ લેવલ યોગાસન કોમ્પિટિશનમાં સમગ્ર ગુજરાતમાંથી બીજો નંબર પ્રાપ્ત કરી અને સમાજને યોગા પ્રત્યે જાગૃતિ લાવવા માટે અને યોગા નું જીવનમાં ઘણું મહત્વ છે. એવા સંદેશ સાથે પોતાની શાળાનું નામ અને કોબા ગામનું નામ રોશન કર્યું. એ બદલ ગામના પ્રથમ નાગરિક સરપંચ શ્રી દિલીપભાઈ પટેલ અને પિતા મુકુંદભાઈ પટેલ એમના દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા.

# બારડોલીના બાબેનમાં ત્રણ શખ્સોએ કારચાલકને વધુનો ધીકા મૂકકી નો માર મારી ફટકાર્યો મામલો બારડોલી પોલીસ સ્ટેશન પહોંચ્યો

**બારડોલી-** મૂળ મધ્યપ્રદેશના મુરેના જિલ્લાના પોરસાના તરમા ગામના પ્રદીપસિંગ પ્રહલાદસિંગ રાજપૂત (ઉ.વ.33) હાલ બારડોલીના બાબેન ગામે આવેલી લેક સિટી સોસાયટીમાં રહે છે. તેઓ અમદાવાદની ખાનગી કંપનીમાં નોકરી કરે છે. રવિવારે સાંજે પ્રદીપસિંગ પોતાની (i ૨૦ ગાડી GJ 19 AF 8637) કારમાં ગેસ ભરાવીને ઘરે પરત ફરી રહ્યા હતા. એ સમયે સુગર કોલોની નજીક એક મોટરસાઇકલ ( GJ 19 AF ૪૦૦૧) પર આવેલા આ ત્રણ મોતા ગામના શખ્સોએ તેમની કારનો પીછો કર્યો હતો અને મોતા માર્ગ પર હનુમાન મંદિર પાસે ત્રણેય શખ્સે કાર રોકી પ્રદીપસિંગને બહાર ઉતારીને બોલાચાલી શરૂ કરી હતી. પ્રદીપસિંગે તેના ફોનમાં વિડીયો ઉતારી લેતાં ત્રણેય શખ્સોએ તેને માર મારી ફોનમાંથી વિડીયો ડિલીટ કરી નાંખ્યો હતો. પ્રદીપસિંગે કારમાં બેસી ફરી વિડીયો ઉતારી કાર હંકારી મૂકી હતી અને સીધો પોલીસમથકે પહોંચ્યો હતો. તેની પાછળ જ ત્રણેય શખ્સો પણ પોલીસમથકે પહોંચ્યા હતા. પોલીસે બંને પક્ષની અરજી લીધા બાદ પ્રદીપસિંગની ફરિયાદના આધારે બારડોલી મોતા ગામના ત્રણેય શખ્સ (૧) વીકી સુભાષ પટેલ.(૨) મિલન ભીખાભાઈ પટેલ .(૩) હાર્દિક કૌશિક ભાઈ દેસાઈ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# એલસીબી પોલીસે ઉમરપાડાનાં મોબાઇલ ચોરીનાં ગુનાના આરોપીને ઝડપી જેલ હવાલે કર્યો




બારડોલી- સુરત જિલ્લા એલસીબી પોલીસે પૂર્વ બાતમીનાં આધારે ઉમરપાડા પોલીસ મથકમાં મોબાઇલ ચોરીનાં ગુનાનાં વોન્ટેડ આરોપીને કઠોદરા હાઇવે પરથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, સંદીપ વસાવા ઉમરપાડાની હદમાંથી મોબાઇલ ફોનની ચોરી કરી જે ફોન પોતે વાપરે છે અને હાલમાં કઠોદરા ગામનાં પાટીયા પાસે હાઈવે પર રોડની સાઈડે ઉભો હોવાની એલસીબી પોલીસને બાતમી મળી હતી. પોલીસે ઉપરોક્ત બાતમી વર્ણન અનુસાર કઠોદરા હાઇવે પર પહોંચી જઇ સદર આરોપીને ઝડપી પાડ્યો હતો. હાલ પોલીસે વોન્ટેડ આરોપી સંદીપ વસાવાની અટક કરી જેને ઉમરપાડા પોલીસને સુપ્રત કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

મૂળ યુ.પી વતની અને હાલ નવાગામની શિવનગર સોસાયટી ખાતે રહેતો ૧૯ વર્ષીય શ્રેયાંશ ઘનશ્યામ વિશ્વકર્મા સુરત ખાતે આઇટીઆઈમાં અભ્યાસ કરે છે. જે કામરેજથી રિક્ષામાં બેસી ઉમરાની ગ્લોબલ મેટ્રિક્સ સ્કૂલ ખાતે હોસ્ટેલમાં સામાન લેવા જઈ રહ્યો હતો. રંગોલી ચોકડી આગળ ક્રિષ્ના ડેરી સામે રીક્ષામાંથી ઉતરી ભાડુ ચૂકવી રહ્યો હતો. ત્યારે અજાણ્યો ઈસમ તેના પેન્ટના ખિસ્સામાંથી મોટોરોલા કંપનીનો મોબાઈલ ચોરી ફરાર થઈ ગયો હતો. જે અંગે કામરેજ પોલીસ મથકે ફરિયાદ કરાઈ હતી.

# ઓલપાડના માસમા ગામ પાસેથી જિલ્લા એલસીબી એ પોષડોડાના જથ્થા સાથે એક રાજસ્થાની ઇસમને ઝડપી લીધો



બારડોલી- મૂળ રાજસ્થાન રાજયના જોધપુર જિલ્લાના લોદી તાલુકાનો વતની માંગીલાલ બાબુરામ બિશ્નોઈ (ઉ.વ. ૩૪) હાલમાં ઓલપાડ તાલુકાના માસમા ગામે નીલકંઠ રેસિડેન્સીના રૂમ નં. ૧૦૪ માં રહી મજૂરીકામ કરે છે. બાતમીના પગલે ઓલપાડ પોલીસે માંગીલાલ બિશ્નોઈને વનસ્પતિજન્ય માદક પદાર્થ પોષડોડાનો ૪૨.૬૮૫ કિલોગ્રામ જથ્થો કિંમત રૂ. ૧,૨૮,૦૫૫ સાથે તેના રહેઠાણની રૂમમાંથી દબોચી લીધો હતો.

પોલીસે વનજકાંટો અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૧,૩૩,૨૫૫નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે માંગીલાલ બિશ્નોઈની પૂછપરછ કરતા તેણે જણાવ્યું કે, માદક પદાર્થ પોષડોડાનો જથ્થો રાજસ્થાનનો વતની લક્ષ્મણ જાખર (રહે. લોહવટ ગામ, તા. ફલોદી, જિ. જોધપુર) વેપલો કરવા આપી જતો હતો. જેથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# તિરંગા યાત્રામાં સ્વયંભૂ સ્થાનિકો ઉમટી પડ્યા, અલગ અલગ વિસ્તારોમાં રેલી ફરી



બારડોલી- સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ખોલવડ ગામ ખાતે આયોજિત તિરંગા રેલીમાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. તેમજ દેશભક્તિના ગીતો સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આયોજિત રેલીમાં વંદે માતરમ, ભારત માતા કી જયનો જયજયકાર થયો હતો.

રાષ્ટ્રવ્યાપી દેશભક્તિની ભાવના જાગૃત કરવાના હેતુસર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા. ૯ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા અભિયાન શરૂ કરાયું છે. જે અંતર્ગત સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ખોલવડ ગામ ખાતે તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજિત આ તિરગા રેલી ખોલવડ ગામના રહીશો સ્વયંભૂ ઉમટી પડ્યા હતા. બાઈક, કારો સાથે નીકળેલી આ તિરંગા રેલી ખોલવડ ગામના અલગ અલગ વિસ્તારોમાં ફરી હતી. દેશભક્તિના ગીતો સાથે આખું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

આયોજિત આ રેલીમાં કામરેજ તાલુકા પંચાયતના પ્રમુખ રેખાબેન પટેલ, ઉપ પ્રમુખ હર્ષદભાઈ, તાલુકા પંચાયતના સભ્ય એઝાઝભાઈ તૈલી, ખોલવડ ગ્રામ પંચાયતના ઉપ સરપંચ હારુનભાઈ તૈલી સહિતના આગેવાનો જોડાયા હતા.

# માંગરોળ તાલુકામાં ખાતરની અછત સર્જાતા ખેડૂતોને હાલાકી, ખાતર લેવા સવારથી જ ખેડૂતો ડેપો બહાર લાઇનમાં ઊભા રહી જાય છે






બારડોલી- સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં યુરિયા ખાતરની અછત સર્જાતા ખેડૂતોને હાલાકી ભોગવવાનો આવ્યો છે. વધુ ખાતરનો જથ્થો ફાળવવાની માગ ખેડૂતો હાલ કરી રહ્યા છે.

સુરત જિલ્લામાં હાલ છેલ્લા કેટલાક દિવસોથી વરસાદનું જોર ઘટ્યું છે. જેને લઇને ખેડૂતો ખેતીના કામમાં જોતરાઈ ગયા છે. હાલમાં કૃષિપાક ડાંગર સહિત વિવિધ કૃષિ પાકોમાં યુરિયા ખાતર ખેડૂતોને જરૂરિયાત છે, પરંતુ યુરિયા ખાતરનો જથ્થો ઓછો આવતા ખેડૂતોએ કલાકો સુધી ખાતર ડેપો ઉપર લાઈનોમાં ઊભું રહેવું પડે છે. બીજી તરફ માંગરોળ તાલુકાની બાજુના વાલિયા તાલુકામાં તેમજ અન્ય તાલુકાઓમાં યુરિયા ખાતર નહી મળવાથી બીજા તાલુકાના ખેડૂતો માંગરોળ તાલુકામાં ખાતર માટે આંટાફેરા કરતા નજરે પડી રહ્યા છે. ત્યારે ખેડૂતોની જરૂરિયાત અનુસાર વધુ ખાતામાં જથ્થો ફાળવવામાં આવે તેવી માંગણી ખેડૂતો કરી રહ્યા છે.જે તેઓને પૂરતા પ્રમાણમાં ખાતર મળે તો સારો પાક લઈ શકે.

## શ્રાવણ માસમાં સુરત પાલિકાનો ફૂડ વિભાગ એક્ટિવ મોડમાં

# મીઠાઈમાં ઉપયોગ લેવાતા માવાના ૮ જગ્યા પરથી સેમ્પલ લીધા



સુરત- શ્રાવણ માસમાં તહેવારોમાં મીઠાઈનો ઉપયોગ વધુ થતો હોય પાલિકાના ફૂડ વિભાગે થોડા દિવસ પહેલાં ફરાળી લોટના સેમ્પલ લીધા હતા. ત્યારબાદ આજે દુધના માવાના સેમ્પલ લીધા છે. સુરત પાલિકાએ ભાગળ વિસ્તારમાં માવાનું વેચાણ કરતી સંસ્થામાંથી નમૂના લઈને ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. જો કોઈ સંસ્થાના સેમ્પલ ખરાબ જણાશે તો સંસ્થા સામે કાર્યવાહી કરવામાં આવશે.

શ્રાવણ માસ એટલે તહેવારોની વણઝાર આ દિવસોમાં ફરાળી વાનગી સાથે મીઠાઈનો ભરપૂર ઉપયોગ થાય છે. મીઠાઈ બનાવવા માટે માવાનો ઉપયોગ થાય છે તે ગુણવત્તાવાળો છે કે નહીં તેની ચકાસણી માટે પાલિકાના ફુડ વિભાગે આજે સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરી હતી. આરોગ્ય વિભાગની આઠ ટીમો દ્વારા સવારથી જ બંસી માવા ભંડાર, નંદકિશોર માવાવાલા, શંકર માવા, જૈન માવા અને સુરજ માવા સહિત આઠ એકમોમાંથી માવાના સેમ્પલો એકત્રિત કરવામાં આવ્યા છે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).